# પુષ્ટિ અસ્મિતા ભાગ (૨)

૧

રાધામાધવ મનમાં વસ્યા જી, જેહને,
રાધામાધવ મનમાં વસ્યા જી.
આઠે પ્રહર તે આનંદમાં માહાલે
તે પ્રાણીને પાતક ન કશાં જી.
સુખ સહુ આવી મળે સેહેજે સમીપે
ક્લેશ અમંગળ અળગા વસ્યા જી.
કારજ સિધ્ધ થયાં સહુ તેના
તીર્થ સહુ તેના પગમાં ધસ્યા જી.
પૂર્વજ તેહના વસ્યા વૈકુંઠમાં
માતપિતા ચૌદલોકમાં લસ્યા જી.
તે સંતને સેવનારા સેવક પણ
જાય નહિ કાળ સાપના ડસ્યા જી.
તે ભગવદીની નિંદા કરે તેહનાં
નિશ્ચે કર્મ લાહારે ધસ્યા જી.
તે ભગવદીના દરશણ માનો
દયાપ્રીતમ શ્રીકૃષ્ણના જસાં જી.
શ્રીદયારામભાઈ

૨

મનજી મુસાફર રે, ચાલો નિજ દેશ ભણી;
મુલખ ઘણા જોયા રે, મુસાફરી થઈ છે ઘણી.
સ્વપુર જવાનો પંથ આવ્યો છે

રખે ભૂલતા ભાઈ ;
ફરીને આ મારગ મળવો છે નહીં
એહેવી તો છે અવળાઈ.
સમજીને ચાલો સૂધારે, ના જાશો ડાબા કે જમણી.
મનજી.
વચ્ચે ફાંશીઆ વાટ મારવાને
બેઠા છે બે-ચાર,
માટે વળાવા રાખો બે-ત્રણેક
ત્યારે તેનો નહીં ભાર.
મળ્યો છે એક ભેદુ રે, બતાવી ગતિ સહુ તે તણી.
મનજી.
માલ વહોરો તો વહોરો શેઠના નામનો,
થાય ન ક્યહું અટકાવ ;
આપણો કરતાં જોખમ આવે,
ને ફાવે ધણીનો દાવ.
એટલા સારૂ રે, ના થાવું વોહોરતના ધણી.
મનજી.
જો જો જુગતથકી જાવું છે
કરજો સંભાળીને કામ,
દાસ દયાને એમ ગમે છે
હવે જઈએ પોતાને ધામ.
સૂઝે છે હાવાં એવું રે, અવધ થઈ છે આપણી.
મનજી.

શ્રીદયારામભાઈ

૩

નિશ્ચેના મહેલમાં વસે મારો વાલમો રે.
વસે વ્રજલાડીલો રે,
જે રે જાય તે ઝાંખી પામે જી રે.
ભૂલ્યા ભમે તે બીજા સદનમાં શોધે રે,
હરિ ના મળે એકે ઠામે જી રે.
નિશ્ચેના.
સતસંગ દેશમાં ભક્તિ નગર છે રે,
પ્રેમની પોળ પૂછી જાજો રે;
વ્રેહેતાપ પોળીઆને મળી મ્હેલે પેશજો રે,
સેવા સીડી ચડી ભેળા થાજો રે.
નિશ્ચેના.
દીનતાપાત્રમાં મનમણિ મૂકી રે,
ભેટ ભગવંતજીને કરજો રે;
હુંભાવ-પુંભાવ ન્યોછાવર કરીને રે,
શ્રીગિરિધરવર તમો વરજો રે.
નિશ્ચેના.
એ રે મંડાણનું મૂળ હરિઈચ્છા રે,
કૃપા વના સિધ્ધિ ન થાએ રે;
શ્રીવલ્લભશરણથકી સહુ પડે સ્હેલું રે,
દૈવીજનપ્રતિ દયો ગાએ રે.

શ્રીદયારામભાઈ

૪

ભર રે બજાર દેવલકપણું કીધું મહાપ્રભુની આણ મેટી દીધી,
શોખમોજની વસ્તુ ઘરમાં વસાવવા ભક્તિની હકાલપટ્ટી કીધી.
બધું બ્રહ્મરૂપ પરદોષ નહિ જોવા દ્રુતે લીલા ના કેમ જાણી લીધી,

માર્ગનું રહસ્ય જે ના સમજે એવી ઘેલીને આ મારગમાં કોણે લીધી.ભર રે બજાર
મહાપ્રભુએ કહ્યું કે બધું બ્રહ્મદ્વતે લીલાની વાત તો જાણે છે કે ના જાણે છે ?
શિક્ષાશ્લોકીમાં કહી છે જે વાતને મોઢેથી કોરી વખાણે છે ઓ વખાણે છે !
ભર રે બજાર
ભક્તિના ભંડોળી ભૂંડા ભવાડા કરી નર્કનોય ત્રાસ અમે ઝીલી લઈશું હો ઝીલી લઈશું,
ગોલોકનું સુખ કોકને મળે તે તો પરોપકારથી ના ડગી જઈશું ના ડગી જઈશું.
ગોકુલાધીશના પોતાના ઘરમાં જ સેવાસમરણ અમે કરી લઈશું હો કરી લઈશું,
ગોલોકનું સુખ લોકમાં જ માણી પરલોક વિના નહિ મરી જઈશું નહિ મરી જઈશું.
ભર રે બજાર

એક પુષ્ટિમાર્ગી

૫

હરિ મ્હારૂં અંતર શુધ્ધ કરો રે,
હરિ મ્હારી નિર્મળ બુધ્ધ કરો રે.
હરિ મુને પ્રપંચ વિસરાવો રે,
મુજ મન નિજ છબી લોભાવો રે.
હરિ હું ભાવું એહવો કરો રે,
હરિ મ્હારા તનમન તાપ હરો રે.
હરિ મ્હારી દુર્મતિ દૂર કરો રે,
અંતર ભક્તિભાવ ધરો રે.
હરિ નિજની લીલા દરશાવો રે,
નિશદિન સતસંગતિ ભાવો રે.
હરિ મહારૂં ચિત્ત ચરણે રાખો રે,
દયો તું મ્હારો રે શ્રીમુખે ભાખો રે.

શ્રીદયારામભાઈ

૬

સદા શ્રીકૃષ્ણને સેવો રે, સમજી લો ની હવે સુધો સિધ્ધાન્ત ;
વાત કહું તે વિચારમાં લાવો, ભાંગો મનની ભ્રાંત.
સદા.
સહુ બરાબર કૃષ્ણ છે, નથી કૃષ્ણ બરાબર કોય ;
સાગર-છોળ્યોને દષ્ટાન્તે શાણા સમજી જોય.
સદા.
વિશ્વ ઠર્યું હરિરૂપ એ રીતે સાચું સરવે કાળ ;
ન્યારૂં ન તે ગોપાળથી પણ ન્યારા ખરા ગોપાળ.
સદા.
કાયાથી થઈ રહી કાયા સંબંધે, કાયામાંહે સમાયા ;
કાયાથી છાયા છાયાથી ન કાયા, કાયા કંઈ લહે છાયા.
સદા.
મુખ ઈન્દ્રિયો, થડ ને ડાળા દ્ર એમ હરિ સંસાર ;
વૈષ્ણવ ભજે દયા કાંઇ ન બાકી વેદ પુરાણ વિચાર.
સદા.

શ્રીદયારામભાઈ

૭

દરશણ દ્યોની રે આ દાસને,
મારા ગુણનિધિ ગિરિધરલાલ.
નાથ નિવારો રે આ ત્રાસને,
આપો આપ ઉપર અતિવહાલ.
દરશન.
શ્રીનટવર નંદન રે તમે નંદના,
ભાવે મુને મદનમનોહરરૂપ ;
ચિત્ત ના ચોંહોટે રે માહેરૂં

અનુભવ વ્યાપક બ્રહ્મ અનુપ.
દરશન.
જપું નહીં અજપા રે જાપને,
ન ગમે સુણવે અણહદ નાદ;
યજ્ઞ સમાધિ રે ના ગમે,
ન ગમે સ્વર્ગ મુક્તિના સ્વાદ.
દરશન.
અન્ય ઉપાસન રે ના ગમે,
વિના એક પૂરણ પુરૂષોત્તમ;
ફીકાં લાગે રે સાધન સહુ,
પડી મુને પ્રેમભક્તિમાં ગમ.
દરશન.
શ્રીવલ્લભસુત રે ગુરુ ગમ્યા,
સહુ વિધિ શ્રીકૃષ્ણજી સમાન;
જીવના સાધન રે ના જુએ
વાહાલો કરે નિજાનંદદાન.
દરશન.
સરવ તપાસ્યું ફરીફરી
કિંચિત ક્યહું ન દીઠો સાર;
સુખ એક દીઠું રે સરવથી
સેવાસમરણ નંદકુમાર.
દરશન.
શ્રીમહાપ્રભુની કહેણથી
મુજપર રીઝો રાધાનાથ;
સમૂળ અવિદ્યા રે તો ટળે
હરિજી ઝાલો જો મુજ હાથ.
દરશન.

શ્રીવૃંદાવનની રે કુંજમાં
જાંહાં કરો જુગલકિશોર વિલાસ;
દાસ દયાની રે વિનતી
મુને દાસી કરી રાખો નિજ પાસ.
દરશન.

શ્રીદયારામભાઈ

૮
એવી અચલ ભક્તિ તારી આપ મુને મોહન
કરુણાનિધિ ગિરિધારી રે,
કાયા વાચા મનસાએ કરિ
સેવા સદા હું તારી રે.
એવી.
નેત્રે મારે તુને નખશિખ નિરખું
નોછાવર કરૂં પ્રાણ રે,
માલ્ય વૃંદાદલ અંઘ્રિ પ્રસાદીની
લેઉં સુગંધની ઘ્રાણ રે.
એવી.
રસનાએ તારા ગુણ યશ વરણું,
રંક અખંડ અભિધાન રે,
તારૂં કથામૃત શ્રવણે મારે
પ્રેમે કરૂં નિત્ય પાન રે.
એવી.
હસ્તે હરિ કરૂં તારી સેવા,
મન પ્રીતે કરૂં ધ્યાન રે,
ચરણે ચાલી તારે મંદિર આવું પણ
વ્યાપે નહીં અભિમાન રે.

એવી.
સર્વાંગે કરી કરૂં તુને દંડવત,
સદા રહું તારે શરણે રે,
કહે દયો આપો શ્રીકૃષ્ણ એટલું
મારૂં ચિત નિત રહે તમ ચરણે રે.
એવી.
શ્રીદયારામભાઇ

૯
એ વલ્લભ-વિઠ્ઠલની વાણી અનુસરી પુષ્ટિપ્રભુને રીઝાવો,
તો તમે વલ્લભીજન રે તો તમે દૈવીજીવ રે.
ભક્તિના ભંડોળી ભૂંડા ભવાડા કરી સેઠિયાઓને રીઝાવો,
તો તમે પ્રવાહીજન રે તો તમે આસુરીજીવ રે.
ગ્રન્થો રૂડાં વલ્લભના ભણીને પોતાનું જીવન કરો રૂડું વ્હાલા,
વ્યાખ્યા જુની જાતે સમજીને બીજાને જો
સમજાવો મારા વ્હાલા;
પોતાનું પેટિયું રળવા જો તમે ખોટા અરથો કાઢો,
તો તમે પ્રવાહીજન રે તો તમે આસુરીજીવ રે.
ઘરમાં ભજું તો કોણ જુએ 'ને જાહેરમાં મોટી ભીડ ભેગી થાય,
પ.ભ.મનોરથી ખુશ નવ થાય મઠડી પરસાદ જ્યાં ન વેચાય;
એ ભક્તિના એવા ભવાડા કરવાથી બહિર્મુખ થવાય રે,
તો તમે પ્રવાહીજન રે તો તમે આસુરીજીવ રે.
પુષ્ટિસિધ્ધાંતચર્ચાસભામાં ઉપસ્થિત એક 'અસભ્ય' પુષ્ટિમાર્ગી

૧૦
હમ તો શ્રીકૃષ્ણ છબીલો હિ ગાવેં,
નિર્ગુન બ્રહ્મ હમેં નહીં ભાવે.

ગિરિધર ગુન રૂપકે રાશિ,
બ્રહ્મ કહે જે કોઉ હોય ઉદાસી.
જલકું કહા સુખ હોય જલપાના,
લવન કહા સુખ સિંધુ સમાના.
જામેં દાસભાવ ઉઠ જાવે,
જુગલ નહીં વ્હાં કહાં સુખ પાવે.
પાઘ આશ શિર છેદાઈ ડારેં,
સીસ ગયે પઘિયાં કહાં ધારેં.
દાસ સદા હમ શ્રીજી સ્વામી,
માગે દયો ગુરુપદ શિરનામી.
શ્રીદયારામભાઈ

૧૧
લટકાળો શ્રીગિરિવરધારી, કે નિશ્છલ ભક્તિવિહારી.
વલ્લભજનને પુષ્ટિઅસ્મિતા આપો કૃપા વિચારી,
પુરૂષોત્તમપ્રભુ પ્રાણસનેહી તેરે ચરણકમલ ચિત વારી.
મનોરથપૂરણકારી, ને ગાઓ નાચો સહુ નરનારી.
એક પુષ્ટિમાર્ગી

પ્રકાશક :
શ્રીવલ્લભવિદ્યાપીઠ
શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણાશ્રમ ટ્રસ્ટ
વૈભવ કૉઓપરેટિવ સોસાયટી,
પૂના બેંગલોર રોડ, કોલ્હાપુર,
મહારાષ્ટ્ર.

મુદ્રક :
નરોત્તમ ભાટીયા,
પ્રફુલ્લ જ્યોતિ, જવાહર રોડ,
ઘાટકોપર, મુંબઈ - ૪૦૦૦૦૭.

પુષ્ટિ
અસ્મિતા
ભાગ (૨)
સસ્નેહ ઉપહાર